ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૬ ટકા

# હાર્ટએટેકનો ડર વધ્યો: હૃદયનું ચેકઅપ કરાવતા થયા લોકો

## નાની ઉંમરે હૃદયરોગના કિસ્સા વધતા લોકો જાગૃત બન્યા છે અને તબીબો પાસે પહોંચી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૫

નાની ઉંમરે હાર્ટ એટેકની વધતી ઘટનાઓ વધી રહી છે. એકાએક ચાલતા ચાલતા, નાચતા-નાચતા, જમતા સમયે બીલ્લી પગે લોકોને મોત આવી રહ્યું છે. ત્યારે હવે લોકો આરોગ્ય પ્રત્યે જાગૃત બન્યા છે.હાર્ટ એટેકના વધતા કિસ્સા વચ્ચે હવે સામાન્ય કરતા ૩૦ ટકા વધારે લોકો હૃદયના ટેસ્ટ કરાવતા થયા છે. જેમાં હાર્ટની સ્થિતિ જાણવા માટે ઈકો અને ટીએમટી ટેસ્ટ કરવામાં આવે છે.

ઈકો ટેસ્ટથી હાર્ટની વર્તમાન સ્થિતિ જાણી શકાય છે. તો ઈકો ટેસ્ટથી હાર્ટના ધબકવાની ક્ષમતા જાણી શકાય છે. જયારે ટીએમટી ટેસ્ટથી શરીર કેટલો શ્રમ કરી શકે તેમ છે તે જાણી શકાય છે. ત્યારે તબીબોનું માનવું છે કે નાની ઉંમરે લોકોના મોત કાર્ડીઆક એરેસ્ટના કારણે થઈ રહ્યા છે. કાર્ડીઆક એરેસ્ટ બાદ યોગ્ય સારવાર ન મળે તો ૧૦ મિનિટમાં વ્યકિતનું મોત થાય છે. તો હાર્ટ એટેકના કિસ્સામાં યોગ્ય સારવાર મળે તો ૯૫ ટકા દર્દીના જીવ બચી જાય છે. કોરોનાના લીધે આવા કેસમાં વધારો થયો છે.



પોસ્ટ કોવિડ સિન્ડ્રોમના લીધે હૃદય, મગજ, કિડની, ડાયાબીટીસ અને હાઈ બ્લડ પ્રેશરના દર્દી વધ્યા છે.ત્યારે સમસયાંતરે યોગ્ય ચેકઅપ કરાવવું ખૂબ જ જરૂરી બન્યું છે.

યુવાનોમાં વધી રહેલા હાર્ટ એટેકને પગલે હેલ્થ ચેકઅપનો રેશિયો વધ્યો છે. સામાન્ય કરતાં ૩૦ ટકા વધારે લોકો હૃદયના ટેસ્ટ કરાવતા થયા છે. સોશિયલ મીડિયા અને સમાચારમાં હાર્ટ એટેકથી અવસાન પામતા લોકોના વીડિયો પ્રસારીત થતાં લોકોમાં જાગૃતતા આવી છે.

ઈકો ટેસ્ટની મદદથી હૃદયના ધબકવાની ક્ષમતા જાણી શકાય છે. ટીએમટી ટેસ્ટથી માનવ શરીરનો કેટલો શ્રમ કરી શકે તે જાણી શકાય છે. દર્દીના મેડીકલ હિસ્ટ્રીના આધારે હૃદયના ટેસ્ટ થાય છે. ઓબેસીટી, કોઈ વારસાગત બિમારી, લાઈફસ્ટાઈલ, બીપી અને ડાયાબીટીસની બિમારી પ્રમાણે ટેસ્ટ કરાય છે. કોવિડ બાદ અનેક પ્રકારના રોગમાં વધારો થયો છે. અનેક લોકો પોસ્ટ કોવિડ સિન્ડ્રોમનો ભોગ બન્યા છે. કોવિડ બાદ હૃદય, મગજ, કિડની, ડાયાબીટીસ અને હાઈ બ્લડ પ્રેશરના દર્દી વધ્યા છે.

# ગાંધીનગરમાં બે દિવસીય રાયફલ શૂટિંગ પ્રાથમિક તાલીમ શિબિર યોજાઈ





ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની વેબ ન્યુઝ ચેનલ તસ્વીરે ગાંધીનગર તેમજ સારથી રેફરલ શૂટિંગ એકેડેમીના સહયોગથી સતત બીજા વર્ષે ફક્ત મહિલાઓ માટે તા.૧૩ અને ૧૪ના રોજ બે દિવસીય રાયફલ શૂટિંગ પ્રાથમિક તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૧૨ વર્ષથી વધુ વયના કોઈપણ મહિલા ભાગ લઈ શકશે તેવું જણાવવામાં આવ્યું હતું. બે દિવસ પ્રાથમિક તાલીમ સમય મર્યાદા એક એક કલાકનો હતો. રાઈફલ શૂટિંગ તાલીમમાં ૬૦ મહિલાઓએ બે દિવસ ભાગ લીધો હતો.

જેમાં રાઈફલ શુટીંગની પ્રાથમિક તાલીમમાં મહેન્દ્રભાઈ મહેતા સારથી રેફરલ શૂટિંગ એકેડેમીના એ તાલીમમાં પુરેપુરો સહકાર આપ્યો હતો. આ શિબિરમાં ઉમા પરિવારની મહીલાઓ વિશેષ ભાગ લીધો હતો.



નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા તા. ૧૩.૫.૨૩ ના રોજ બ્રહ્માણી હોલ, કડી સર્વ વિદ્યાલય ખાતે સ્વાસ્થ્ય સુધા વ્યાખ્યાન માળાનુ આયોજન કરવામા આવેલ હતુ . જેમા વક્તા તરીકે જયોતિષના પરિપરેકશમા નૈસર્ગિક જીવનનુ રહસ્ય અને કર્મનો સિધ્ધાત વિષય પર વિષ્ણુભાઈ વૈષ્ણવ જયોતિષ આચાર્ય દ્વારા વક્તવ્ય આપવામા આવ્યું હતું. આ કાર્યક્રમનુ આયોજન મંડળના પ્રમુખ વર્ષાબેન દવે દ્વારા કરવામા આવ્યું હતું.

# 'ગાંધીનગર રિસાયક્લિંગ જન આંદોલન' ફેસ્ટિવલ ઉજવાયો

## મેયર હિતેશભાઈ મકવાણાએ વસાહત મંડળના પ્રમુખને પ્રતિબંધિત પ્લાસ્ટિક સામેની લડાઇના બ્રાંડ એમ્બેસેન્ડર જાહેર કર્યા





ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૪ મે, રવિવારના રોજ ગાંધીનગર રિસાયક્લિંગ જન આંદોલન (ગર્જના) ઉત્સવ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. કચરાના વ્યવસ્થાપન અને ટકાઉપણા વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી આ ઉત્સવમાં નાગરિકોની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી અને ૩ આર સિદ્ધાંતો, હોમ કમ્પોસ્ટિંગ, ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપતા વિવિધ કાર્યક્રમોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટની શરૂઆત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને એસ્ટ્રલ ફાઉન્ડેશન વચ્ચેના સહયોગથી ગ્રાઉન્ડબ્રેકિંગ "પ્લાસ્ટિક ફ્રી ગાંધીનગર" પ્રોજેક્ટના લોન્ચ સાથે થઈ હતી. આ પ્રોજેક્ટે નાગરિકોને રિસાયકલ ઉત્પાદનોના બદલામાં પ્લાસ્ટિક કચરો કોર્પોરેશનને દાનમાં આપવા માટે પ્રોત્સાહિત કર્યા. પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર પહેલનું પ્રતિનિધિત્વ કરતા બે મેસ્કોટ્સની રજૂઆત ફેસ્ટિવલની નોંધપાત્ર વિશેષતા હતી. આ મેસ્કોટ્સ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના વિદ્યાર્થીઓએ તૈયાર કર્યા હતા, જેમાં શ્રી નિખીલકુમાર રાય, સુશ્રી અશ્મિતા ગુપ્તા અને સુગંધી ચંદવાણીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. પ્લાસ્ટીકસુર, એક રાક્ષસ જેવું પ્રાણી જે સિંગલ-યુઝ પ્લાસ્ટિકના કચરામાંથી બનેલું છે, તે પ્લાસ્ટિકમાંથી મેળવેલી શક્તિનું પ્રતિક છે અને રોજિંદા જીવનમાંથી સિંગલ-યુઝ પ્લાસ્ટિકને ઘટાડવા અને દૂર કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. ટોડો ફાઈટર, એક કાચબો, તેના શેલ તરીકે તરીકે પૃથ્વી સાથે, સિંગલ યુઝ પ્લાસ્ટિક સામેની લડાઈ અને પર્યાવરણના રક્ષણના મહત્વને મૂર્તિમંત કરે છે. આ મેસ્કોટ્સે અસરકારક રીતે નાગરિકોને, ખાસ કરીને બાળકોને, સિંગલ-યુઝ પ્લાસ્ટિકના મુદ્દાને સંબોધવાની મહત્ત્વની જરૂરિયાત વિશે સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત, હોમ કમ્પોસ્ટિંગ અને બાયો-એન્ઝાઈમ્સ પર નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જે નાગરિકોને ઘર પર અપનાવી શકાય તેવી ટકાઉ પદ્ધતિઓ વિશે શિક્ષિત કરે છે. એક અનોખા સ્ટોલે નાગરિકોને તેમના જૂના કપડાને કાપડની થેલીઓમાં પરિવર્તિત કરવાની તક પૂરી પાડી, અપસાયકલિંગને પ્રોત્સાહન આપ્યું અને કાપડનો કચરો ઓછો કર્યો. અન્ય એક સ્ટોલે વ્યક્તિઓના ટકાઉ પ્રથાના સ્તરનું મૂલ્યાંકન કર્યું હતું, જે સ્વ-પ્રતિબિંબને પ્રોત્સાહિત કરે છે અને તેમની પર્યાવરણીય અસર વિશે જાગૃતતા ધરાવે છે.

# જીટીયુ દ્વારા વેદ, ઉપનિષદ ગીતા, અને વાસ્તુશાસ્ત્રના અભ્યાસક્રમો ભણાવાશે

ગાંધીનગર, તા.૧૫

જીટીયુ ધરોહર સેન્ટરના ઉપક્રમે ઓનલાઈન ઈન્ડિયન નોલેજસ સિસ્ટમની ક્રેડિટ કોર્સની નવી બેચ શરૂ થઈ રહી છે. જેમાં જ્યોતિષશાસ્ત્ર, વેદ, ઉપનિષદ, વાસ્તુશાસ્ત્ર, ગીતા, વેદોમાં વિજ્ઞાન જેવા કોર્સ ભણાવવામાં આવશે.

જીટીયુ દ્વારા વર્ષ ૨૦૨૧થી ઓનલાઈન વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેને સારો પ્રતિસાદ મળતા હવે આગામી ૨જી જૂનથી વિવિધ પ્રકારના અભ્યાસક્રમ શરૂ કરાશે.જેનું રજિસ્ટ્રેશન ૩૦ મે સુધી ચાલશે. ઉપરોક્ત આ બધા જ અભ્યાસક્રમમાં જીટીયુના વર્તમાન વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો કે સ્ટાફને ફી ચુકવણીમાં ૨૦ ટકા કન્સેશન આપવામાં આવ્યું છે.આ કોર્સમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.જીટીયુના ધરોહર સેન્ટર દ્વારા એમ એ ઈન હિન્દુ સ્ટડીસનો કોર્સ પણ જૂન મહિનાથી શરૂ કરાશે. આ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની બીજી બેચમાં પ્રવેશ માટે મર્યાદિત બેઠકો ઉપલબ્ધ છે.યુજીસીએ નેશનલ ક્રેડિટ ફ્રેમવર્કમાં જુદા જુદા શૈક્ષણિક ગ્રેડ જાહેર કર્યા છે અને તમામ અભ્યાસક્રમ માટે ક્રેડિટ પોઈન્ટનું માળખું પણ આપવામાં આવ્યું છે.

જીટીયુના સૂત્રોના જણાવ્યા મુજબ દે નવા કોર્સ શરૂ કરાશે જેમાં હસ્તરેખા-જ્યોતિષશાસ્ત્ર, ત્રણ મહિનાના અભ્યાસક્રમમાં ૭ હજાર ફી રહેશે, અને ધોરણ ૧૨ પાસ થયેલા આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે. જયારે વાસ્તુશાસ્ત્રના ત્રણ મહિનાના અભ્યાસક્રમમાં ૭ હજારની ફી અને ધોરણ ૧૨ પાસ થયેલા પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત પ્રાચીન ભારતિય રાજવંશોનો ત્રણ મહિનાનો અભ્યાસક્રમ રૂપિયા ત્રણ હજાર ફી અને ધોરણ ૧૨ પાસ થયેલા પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત ગીતા વર્તમાન પ્રસ્તુતીના કોષમાં ૩ હજારની ફી અને ધોરણ ૧૨ પાસને પ્રવેશ અપાશે.તેમજ વેદોમાં વિજ્ઞાન અને વેદ-ઉપનિષદ પરિચયના અભ્યાસક્રમોમાં ત્રણ-ત્રણ હજાર ફી અને ત્રણ મહિનાના કોર્ષમાં ધોરણ ૧૨ પાસ થયેલાને પ્રવેશ અપાશે.

# ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશિપમાં જોડિયા ભાઈઓ વિજેતા બન્યા




ગાંધીનગર, તા.૧૫

૨૫મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશિપ તાજેતરમાં વડોદરા સ્થિત સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત ઉપરાંત અન્ય ૧૫ રાજ્યમાંથી વિવિધ કેટેગરી માટે ચુનંદા ૩૫૦ કરાટેવીરો ફાઈટમાં અને ૩૩૫ જેટલા ખેલાડીઓ કાતા ઈવેન્ટમાં જોડાયા હતા. આ ૨૫મી ચેમ્પિયનશીપમાં ગાંધીનગર, ગુજરાત શાખામાંથી કેન્દ્રીય વિદ્યાલય, સેક્ટર-૩૦માં અભ્યાસ કરતા બે જોડિયા ભાઈઓ બ્લ્યુ બેલ્ટ કેટેગરીમાં ચેમ્પિયન બન્યા હતા જેમાં ઓમ ધર્મેન્દ્ર પટેલે કાતામાં સિલ્વર મેડલ અને કરાટે ફાઈટમાં બ્રોન્ઝ મેડલ હાંસિલ કર્યો હતો જ્યારે આર્ય ધર્મેન્દ્ર પટેલે કરાટે ફાઈટમાં સિલ્વર મેડલ મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું હતું. બન્ને ભાઈઓએ સેન્સાઈ દર્શનભાઈ સુથાર જોડે તાલીમ લઈ રહ્યા છે. ચેમ્પિયન બનવા બદલ વાડોકાઈ કરાટે-ડો ગુજરાતના ટેકનીકલ ચીફ ડાયરેક્ટર શિહાન અરવિંદ રાણા અને કેન્દ્રીય વિદ્યાલય પરિવાર દ્વારા બન્ને ભાઈઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



વિરાજસિંહ એમ.ગોહિલ
મો. ૯૬૬૪૫ ૨૧૩૭૪



ગાયત્રીબેન તરુણભાઈ સુથાર

# ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા "૨૦માં સમૂહ લગ્નોત્સવ"નું આયોજન






ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા "વીસમા સમૂહ લગ્નોત્સવ"નું ભવ્ય આયોજન રામકથા મેદાન ખાતે કરવામાં આવ્યું હતું.આ શુભ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, મંત્રી ભાનુમતીબેન બાબરીયા, પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના મહામંત્રી રજનીભાઈ પટેલ તેમજ પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં ૩૦ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.આ અવસરે મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી નવદંપતીને એકબીજાના સુખ, દુઃખ, સફળતા, સંઘર્ષમાં સહભાગી બની સ્વધર્મ અને કર્તવ્ય ધર્મનું પાલન કરતા રહો એવી શુભકામનાઓ પાઠવી હતી તથા મંચ પર બિરાજમાન સાધુ સંતોએ નવદંપતીને આશીર્વચન પાઠવ્યા હતા. ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘના પ્રમુખ પુનમભાઈ મકવાણા (પૂર્વ ધારાસભ્ય- દસાડા) એ જણાવ્યું હતું કે ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘ ૧૯૯૭માં સ્થપાયેલ સંસ્થા છે.જે છેલ્લા ૨૬ વર્ષથી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજ સેવામાં કાર્યરત છે. પુનમભાઈ મકવાણાએ આ શુભકાર્યમાં અંત્યોદય સમાજને બિરદાવા તથા પ્રભુતામાં પગલા પાડી રહેલ નવદંપતીઓને આશીર્વાદ આપવા પધારેલ સામાજિક રાજકીય આગેવાનો તેમજ સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

આ સમૂહ લગ્નતોસવમાં ગુજરાત વિધાનસભાના નાયબ દંડક જગદીશભાઈ મકવાણા, ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચો ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગૌતમભાઈ ગેડિયા, ગાંધીનગર શહેર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, અનુસૂચિત જાતિ મોરચો ગુજરાત પ્રદેશ મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ, કાઉન્સિલરો, રાજકીય - સામાજિક આગેવાનો, સંતો-મહંતો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.દરજી સુભદ્રાબેન મનુભાઈ** ઉ.વ.૬૪, શિહોલી મોટી
- **સ્વ.પંડ્યા નર્મદાશંકર દામોદર** ઉ.વ.૯૪, ગાંધીનગર
- **સ્વ.પટેલ મહેન્દ્ર ડાહ્યાભાઈ** ઉ.વ.૫૮, ગાંધીનગર
- **સ્વ.ચૌહાણ બદેસિંહ વસાજી** ઉ.વ.૫૯, દોલારાણાવાસણા
- **સ્વ.પરમાર શાંતાબેન ભીખાભાઈ** ઉ.વ.૮૦, પેથાપુર
- **સ્વ.પટેલ કૌશિકાબેન કનૈયાલાલ** ઉ.વ.૭૮, ગાંધીનગર